જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૪/૨૦૧૮ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮૪ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૨૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૯૯/૧૮

**વટવા :** દિવ્યકુમાર દેવપ્રભાકર પાંડે (ઉ.વ.૪૨)(રહે,છોટાકાકા પાર્ક કેડીલા બ્રીજ સામે દિપમાલા બંગ્લોઝ સામે ઘોડાસર) એ તા.૧૦/૦૪/૧૮ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને સપ્ટેમ્બર/૨૦૧૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સુમનબેન વા/ઓ જીતેન્દ્રસિંગ ચૌહાણ (રહે,તક્ષશીલા એકલવ્ય એપાર્ટમેંટ, તક્ષશીલા હોટલની પાછળ સરદાર પટેલ રીંગ રોડ પાંજરાપોળ વસ્ત્રાલ) એ દિવ્યકુમાર ના સાળાને રેલ્વેમા નોકરી અપાવવાના બહાને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- તથા ચેક થી રૂપિયા ૪,૩૫,૦૦૦/- મેળવી લઇ, રેલ્વેમા ભરતી નહી કરાવી, દિવ્યકુમાર સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.ચોહાણ ચલાવે છે.

### ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૭૦૦/૧૮

**ઘાટલોડીયા :** પિયુષભાઇ વ્રજલાલ ઠક્કર (રહે,નિર્મલ એપાર્ટમેન્ટ, જયમંગલ બીઆરટીએસ સામે ૧૩૨ રીંગ રોડ નારણપુરા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૪/૧૮ રાતના ૦૦/૩૦ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમના લાકડાના કબાટમાંથી તથા તીજોરીમાંથી રોકડ રૂપીયા, સોનાની વિંટીઓ અને કાંડા ઘડીયાળો મળી કુલ રૂપિયા ૧,૫૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૦૧/૧૮**

**અમરાઇવાડી :** આશાબહેન આનંદભાઇ ઠાકોર (રહે,કંકુવાટિકા નિવાસ કોચરબ આશ્રમ પાછળ ઠાકોરવાસ એલીસબ્રીજ) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૪/૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી ન્યુ કોટન ચાર રસ્તા રેલ્વે બ્રીજની નીચે રોડ ઉપર પોતાના પતિના એક્ટીવા પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ પર આવેલ બે પુરૂષ આશાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૦૨/૧૮**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** રમેશભાઇ કાળીદાસ મુદલીયાર (ઉ.વ.૪૮)(રહે,પરીક્ષિતલાલ નગર બહેરામપુરા) એ અગમ્ય કારણોસર તા.૧૦/૦૪/૧૮ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ગાંધીબ્રીજ નંબર-૭ નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**ઓઢવ :** વિપુલ સ/ઓ દાનાભાઇ પરમાર (ઉ.વ.૨૬)(રહે,શિવમ ચાર માળીયા જીવન જ્યોત સોસાયટી ની બાજુમાં ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૧૮ બપોરના ૩/૦૦ વાગ્યા બાદ કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.